| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | :: | ૧૭/૧૦/૨૦૨૨ | | |
| **દાખલ તારીખ** | :: | ૧૭/૧૦/૨૦૨૨ | | |
| **નિકાલ તારીખ** | :: | ૧૯/૦૫/૨૦૨૩ | | |
| **અવધિ** | :: | વર્ષ | માસ | દિવસ |
| | | **૦૦** | **૦૭** | **૦૨** |

**મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જે.એમ.એફ.સી. સાહેબની કોર્ટમાં, સાયલા.**

**ફો.કે.નંબર –૪૧૪/૨૦૨૨**
**આંક –**

ફરિયાદી **::** શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી **::** (૧) પીયુષભાઈ બાબુભાઈ કણજરીયા,
રહે. સામતપર, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર.

**ગુન્હો:–પ્રોહીબીશન એકટ –૬૫(એફ) મુજબનો.**

---

સરકાર તરફે વિ.વ.શ્રી. :: **આર.જી.પહોંચીયા.**
આરોપીઓ તરફે વિ.વ.શ્રી. :: **જે.એ. ધાધલ.**

---

## –// ચુકાદો //–

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની ફરીયાદ આધારે સાયલા પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.૧૧૨૧૧૦૪૫૨૨૦૧૦૨/૨૦૨૨** થી ગુનો નોંધી તપાસ કરતા, આરોપીએ તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ પોતાના કબજા ભોગવટાવાળી વાડીના શેઢે ગેર કાયદેસર દેશી દારૂ બનાવાનો આથો લીટર – ૨૦૦, કીંમત રૂા. ૪૦૦/– નો મુદ્દામાલ રાખી રેઈડ દરમીયાન હાજર નહી મળી આવી, ઉપર મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવા

બાબતે પુરતો પુરાવો હોય તપાસના અંતે આરોપી સામે નામ.અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી જામીનપર મુકત થયેલા હોય, સમન્સ બજતાં આરોપીને નામ.અદાલત સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, ઉપરોકત ગુન્હા સબબ આરોપી સામે **આંક–૦૬** થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને તે અંગે **આંક–૦૭ થી** પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખીક/દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષે મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી તથા ત.ક.અ. બાબુલાલ ચંદુલાલ ગામેતીની જુબાની | ૧૪ |
| ૨ | પંચસાહેદ પ્રવિણભાઈ ધીરૂભાઈની જુબાની | ૦૯ |

**<u>ફરિયાદપક્ષે લેખિત પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૫ |
| ૨ | રેઈડ અંગેનું પંચનામું | ૧૦ |
| ૩ | એફ.એસ.એલ.નું રવાનગી પત્રક | ૧૬ |
| ૪ | એફ.એસ.એલ. રીપોર્ટ | ૧૭ |

ઉપરોકત વિગતોએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ જવાબ માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોય આરોપીઓનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ

ત્યારબાદ સરકારશ્રી પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તેમજ બચાવ પક્ષે આરોપીના વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૪) <u>આ કામે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ પોતાના કબજા ભોગવટાવાળી વાડીના શેઢે ગેર કાયદેસર દેશી દારૂ બનાવાનો આથો લીટર – ૨૦૦, કીંમત રૂા. ૪૦૦/– નો મુદ્દામાલ રાખી રેઈડ દરમીયાન હાજર નહી મળી આવી **પ્રોહી એકટની કલમ–૬૫(એફ)** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫) <u>ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે.</u>**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય બાબત કારણો નીચે મુજબ છે.

**(૬) <u>નિર્ણય માટેના મારા કારણો–</u>**

**<u>મુદા નં.૧ તથા ૨–</u>**

(૬.૧) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, **આંક–૦૯** થી પંચસાહેદ પ્રવિણભાઈ ઘીરૂભાઈ ને તપાસેલ છે. જેઓ જુબાની દ્રારા પંચનામા ઉપરની પોતાની સહીને સમર્થન કરતા હોય, જેથી તેને **આંક–૧૦** આપવામાં આવેલ છે. પરંતુ સદર પં ચસાહેદ સ્પષ્ટ જણાવે છે કે, આ સહી પોતે તૈયાર પંચનામામાં કરેલી. તે સિવાય કોઈ જગ્યાએ રેઈડમાં જવાનું થયેલુ નહી અને પોતાની હાજરીમાં આથો નાશ કરેલાનું બનેલુ નહીં. આમ,

સદર પંચસાહેદો પંચનામાની હકીકતથી વિમુખ જુબાની આપેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા પછીની જુબાની દ્રારા પણ પંચનામાને સમર્થનકારક પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આમ, પ્રોહી રેઈડ અંગેનું મહત્વનું એવું સદર પંચનામું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

(૬.૨) ફરીયાદપક્ષે **આંક–૧૪** થી ફરીયાદી તથા ત.ક.અ. બાબુલાલ ચંદુલાલને તપાસેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં, તેઓ પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ મુજબની રેઈડમાં સામેલ રહેલા છે. જેથી પોતાની જુબાની દ્રારા **આંક–૦૮** થી રજુ ફરીયાદને સમર્થન કરે તે સ્વાભાવિક છે. વધુમાં ત.ક.અ. તરીકે તેઓએ તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે તથા મુદામાલને પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ છે જે રવાનગીપત્ર **આંક–૧૬** થી રજુ કરેલ છે તથા મુદામાલનો એફ.એસ.એલ. રીપોર્ટ **આંક–૧૭** થી આ કામે રજુ રાખેલ છે. તેમજ તેઓએ ઉલટતપાસમાં કબૂલ રાખેલ છે કે, આ કામે ફરીયાદ અને તપાસ બન્ને તેમને જ કરેલ છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદન લેવામાં આવેલ નથી. આરોપી બનાવ સ્થળેથી મળી આવેલ નથી. આરોપીના શરીર પરથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી.

આમ, આરોપીને સદર ગુના સાથે સાંકળતો કોઈ સ્વતંત્ર પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોય, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ નો મારો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## – :: આખરી હુકમ ::–

(૧) આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહી. એકટની કલમ – **૬૫(એફ)** મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ આર્ટી નં.૧ અંગે અગાઉ કોઈ હુકમ થયેલ ન હોય તો તે અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે અથવા જો અપીલ થાય તો ઉપલી કોર્ટના હુકમ મુજબ કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ મુજબ અપીલ પીરીયડ સુધી લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સાયલા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૯/૦૫/૨૦૨૩

સાયલા.

**(હરપ્રિત સીંઘ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.સાયલા
(UIC Code : GJ01427)